બિનસરકારી માધ્યમિક/ઉચ્ચત્તર
માધ્યમિક શાળાઓને આપવામાં
આવતા અનુદાન બાબત...

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૯૩-૫૭૬૫-ગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૧૭-૩-૧૯૯૪.

વંચાણે લીધા:

૧: ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના તા. ૨૪-૧૦૮૯ના ઠરાવ ક્ર:બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ,
૨: ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગરના તા. ૨૫-૧૯-૮૯ ના ઠરાવ ક્ર:બમશ-૧૧૮૭-૧૧૮૯-(મં-૪૭૨-૯૬)-ગ,
૩: ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૭-૧૯૯૦ના ઠરાવ ક્ર: બમશ-૧૧૮૭-૨૮૭૯-૧/ગ,
૪: ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના તા. ૧૭-૭-૯૨ ના ઠરાવ ક્ર: બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ,

ઠરાવ:

આમુખ ક્રમાંક:(૧) થી(૪) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવથી બિન-સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિશ શાળાઓ માટે સરકારી અનુદાન સહાયનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે. બિન સરકારી માધ્યમિક શાળા અને ઉચ્ચત્તર મધ્યમિક્ષ શાળાઓને આપવામાં આવતા અનુદાનનાં ખર્ચમાં કર્મચારીઓને ૯-૧૮-૨૭ વર્ષે અપાતા ઉપલા પગાર ધોરણની ટકાવારી પ્રમાણે શાળાઓને અપાતી નિભાવ ગ્રાન્ટ તેમજ મકાનભાડા ગ્રાન્ટનું વધારાનું ભારણ સરકાર ઉપર ન પડે તે અંગે નીતિ ઘડવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળહતો. પુખ્ત વિચરરણા ના અંતે ઉપર આમુખ:(૧) થી (૪) ના અને અન્ય વખતો વખતના ઠરાવથી બિન સરકારી શાળાને નિભાવગ્રાન્ટ તથા મકાનભાડાની જે ગ્રાન્ટ આપવામાં આવે છે તે બંને ગ્રાન્ટ તા. ૩૧-૩-૯૨ ના રોજ પુરા થતા વર્ષની સ્થિતિએ સ્થગિત કરવાનું આથી સરકાર ઠરાવે છે. આથી આમુખમાં દર્શાવેલ ઠરાવોની જોગવાઈ મુજબ શાળાઓને જે રકમ નાણાકીય વર્ષ ૧૯૯૧-૯૨ ના પે પેકેટ તરીકે ચૂકવવામાં આવેલ હશે તે જ ધોરણે ત્યારબાદના વર્ષોમાં પણ નિભાવગ્રાન્ટ અને મકાનભાડાની ગ્રાન્ટ ચુકવવાનું આથી સરકાર ઠરાવે છે.

૫
૭/૪/૯૪

૨. તા. ૩૧-૩-૬૨ પછીથી વધતા ક્રમિક વર્ગો અને તેના કારણે વધારાના પગારખર્ચ ઉપર ૧૦ % પ્રમાણમાં નિભાવગ્રાંટ અને મકાનભાડું મળવાપાત્ર થશે પરંતુ તા. ૩૧-૩-૬૨ પહેલાનો સ્ટાફ અને ત્યાર પછી સંસ્થામાં નિમાયેલ સ્ટાફના પગારમાં જ્યારે જ્યારે ૯-૧૮-૨૭ ના ઉચ્ચતર પગાર ધોરણ પ્રમાણેનો વધારો થશે ત્યારે આ કારણે પગારમાં થતા વધારાને નિભાવગ્રાન્ટ તેમજ મકાનભાડા ગ્રાન્ટ માટે ગણવામાં આવશે નહિ.

૩. બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કર્મચારીઓને મળવાપાત્ર થતા ઉચ્ચત્તર પગાર ધોરણને કારણે થતા પગાર વધારાને ઉકત નિભાવ ગ્રાન્ટ અને કમકાનભાડા ની ગ્રાન્ટ માટેની ગણતરીમાં લેવાના રહેશે નહિ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૧૪-૧-૬૪ નાં રોજ સંમતિ મેળવી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(એચ. આર. સોની)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

ક્રમાંક:માધ્ય-ખ-૪/૬૩-૬૪/૪૪૮૬-૪૮૮૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
રાજકોટ.
તા. ૨૨ ૩-૬૪.

ઉકત ઠરાવને ધ્યાનમાં લેવા સારુતેમજ હવે પછી મોકલવાની થતી આવક ખર્ચના પત્રકોની ફાઈલમાં ઉચ્ચતર પગાર ધોરણને લીધે મળેલ તફાવતની રકમના પત્રકો અલાયદા મોકલવા નોંધ લેવા સારુ.

[illegible signature]
જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.

પ્રતિ,
આચાર્ય/આચાર્યશ્રી,
તમામ બિન સરકારી માધ્યમિક શાળાઓ,
રાજકોટ જિલ્લો.
- તમામ કર્મચારીઓ તરફ - આ કચેરી
'મહેતા' ૧૯૩૬૪ "R.N"
૪૦૦/૦૩૪